**Capital World Pg 5, 3rd Mar 2022**

# ક્રિપ્ટો કરન્સીમાં બે તરફી વધઘટ જોવા મળી: ડોજી કોઈન ત્રણ ટકા તુટ્યો

**કેપિટલ સંવાદદાતા તા.૨**

રશિયા અને યુક્રેનના નાગરિકોએ બિટકોઈનની માગ વધારતાં એ ક્રીપ્ટોકરન્સીના ભાવમાં વૃદ્ધિ થઈ હતી. બિટકોઈનના નેજા હેઠળ અન્ય કરન્સીઝમાં પણ વધારો નોંધાયો હતો. જોકે, હજી આ બન્ને દેશો વચ્ચેની મંત્રણામાં કોઈ પ્રગતિ નહીં થતાં ભાવમાં થતો વધારો મર્યાદિત રહ્યો હતો.

યુક્રેનના પ્રમુખ વોલેદીમીર ઝેલેન્સ્કીએ નાગરિકોનાં સ્થળોએ બૉમ્બમારો નહીં કરવાનો રશિયાને અનુરોધ કર્યો છે. ઉપગ્રહ પરથી લેવામાં આવેલી તસવીરો દર્શાવે છે કે રશિયાનો ૪૦ માઈલ લાંબો કાફલો સશસ્ત્ર વાહનો, રણગાડીઓ અને શસ્ત્રસરંજામ સાથે યુક્રેનના પાટનગર કિવ તરફ જઈ રહ્યો છે.

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી-૧૫ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો સુધારો

રશિયન રૂબલ અને બિટકોઈનમાં ટ્રેડિંગનું વોલ્યુમ નવ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. અમેરિકા સહિતના દેશોએ રશિયા પર લાદેલાં પ્રતિબંધોને કારણે રૂબલનું મૂલ્ય ઘણા મોટા પ્રમાણમાં ઘટી ગયું છે.

એક અહેવાલ મુજબ યુક્રેનના રહેવાસીઓએ ક્રીપ્ટોકરન્સીની ખરીદીમાં અભૂતપૂર્વ વધારો કરી દીધો છે. એમને ડર છે કે દેશની બૅન્કિંગ વ્યવસ્થા પડી ભાંગશે.

બુધવારે બિટકોઈન લગભગ ૨ ટકા વધીને ૪૪,૧૪૦ ડૉલરની આસપાસ પહોંચ્યો હતો. ઈથેરિયમમાં ત્રણ ટકા વૃદ્ધિ સાથે ભાવ ૨,૯૮૯ ડૉલર થયો હતો.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલા વિશ્વના સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫માં બુધવારે ઈન્ટ્રાડે ધોરણે ૨,૬૫૩ પોઈન્ટનો ઉતારચડાવ થયા બાદ ઈન્ડેક્સ ૨.૯૨ ટકા (૧,૮૦૧ પોઈન્ટ) વધીને ૬૩,૩૦૨ પોઈન્ટ બંધ રહ્યો હતો.